# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા




अक्तूबर २००९

वर्ष ८१ | श्री ५ नवतनपुरी धाम, जामनगर | अंक १०

www.krishnapranami.org



श्री प्राणनाथ प्राकट्य महोत्सवान्तर्गत हुए ३१२ पारायणका शुभारंभ करते हुए
पू.आचार्य महाराजश्री एवं संतजन



श्री प्राणनाथ प्राकट्य महोत्सवमें निकाली गई शोभायात्राकी मनोरम झांकी

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨
વર્ષ ૮૧ **ઑક્ટોબર ૨૦૦૯** અંક : ૧૦

| | | |
|---|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | } | જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | } | શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત |
| સંપાદક(માનદ્) | : | ડૉ. પ્રવીણચન્દ્ર પરીખ |
| સંપાદક મંડળ | : | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ |

વાર્ષિક શુલ્ક રૂ.૧૦૦/- ૧૫ વર્ષીય શુલ્ક રૂ.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)
ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩
**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**
**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


## દીપાવલી તેમજ નવા વર્ષની શુભકામના

सुखसमृद्धिमैश्वर्यं ददातु दीपमालिके ।
सर्वे निरामया सन्तु एषैव शुभ कामना ।।

આપ સહુ સુંદરસાથને દીપાવલી તેમજ નવાવર્ષની મંગલમય કામના પાઠવતા અમોને અપાર હર્ષનો અનુભવ થાય છે. શ્રી રાજજીની અસીમ અનુકમ્પાથી દીપાવલીનું પર્વ આપની અન્તર્જ્યોતિને પ્રકટાવવા સહયોગી બને તેમજ નવાવર્ષમાં આપ સહુ ભૌતિક તથા આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવજો. સહુને પ્રણામ.

# મેહેર સાગર

## પરમ પૂજ્ય જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

**(ગતાંક પૃષ્ઠ ૮ થી આગળ.......)**

પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની અસીમ અનુકંપા બ્રહ્માત્માઓ પર હોય છે. આ વાતને સ્પષ્ટ કરી રહ્યા છે,

**એ મેહેર મોમિનોં પર, એહી ખાસલ ખાસ ઉમત ।**
દઈ મેહેરેં ભિસ્ત સબન કો, સો મેહેર મોમિનોં બરકત ।। ૩૫

આ કૃપા વિશેષ રૂપથી બ્રહ્માત્માઓ પર હોય છે કેમકે તેમનો સમુદાય (ખાસલ ખાસ ઉમત) છે. હે બ્રહ્માત્માઓ ! શ્રી રાજજીની કૃપાનું આ સામર્થ્ય છે સર્વશ્રેષ્ઠ આત્માઓનો સમુદાય એમના પ્રતાપથી તમે નશ્વર જગતના જીવોને અખંડ મુક્તિ સ્થળનું સુખ પ્રદાન કર્યું છે.

**એ મેહેર મોમિનોં પર.......**શ્રી રાજજીની અસીમ કૃપા બ્રહ્માત્માઓ પર હોય છે. શ્રી રાજજીની અસીમ કૃપાનો સાચો અનુભવ બ્રહ્માત્માઓ જ કરી શકે છે કેમકે તેઓ સર્વશ્રેષ્ઠ આત્માઓ છે. આ જગતમાં આવીને નશ્વર તન ધારણ કરવાવાળા આત્માઓમાં બ્રહ્માત્માઓનો સમુદાય સર્વશ્રેષ્ઠ આત્માઓનો સમુદાય છે. તેમનો સીધો સમ્બન્ધ અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્મા સાથે છે. તેઓ પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની અસીમ કૃપાનો અનુભવ કરી શકે છે. આ ક્ષમતા તેઓને જ પ્રાપ્ત થઈ છે.

**દઈ મેહેરેં ભિસ્ત સબનકો........**શ્રી રાજજીની અસીમ કૃપાના દ્વારા જ બ્રહ્માત્માઓને આ યોગ્યતા પ્રાપ્ત થઈ છે કે તેઓ નશ્વર જગતના જીવોને પણ અખંડ મુક્તિ સ્થળમાં મુક્તિ અપાવી શકે છે. સર્વપ્રથમ શ્રી રાજજીની કૃપાને કારણે બ્રહ્માત્માઓને નશ્વર જગતનો ખેલ જોવાનો લાભ પ્રાપ્ત થયો. ત્યાર બાદ તેઓને નશ્વર જગતના જીવોને અખંડ મુક્તિ આપવાનો અધિકાર પ્રાપ્ત થયો. આ સંપૂર્ણ યોગ્યતા શ્રી રાજજીની અપાર કૃપામાં સમાયેલી છે. આ કૃપા બ્રહ્માત્માઓને સીધી પ્રાપ્ત થઈ છે.

આ કૃપાનો પ્રતાપ સમજાવતાં આગળ કહે છે કે,

**મેહેરેં ખેલ દેખ્યા મોમિનોં, મેહેરેં આએ તલેં કદમ ।**
**મેહેરેં કયામત કર કે, મેહેરેં હંસ કે મિલે ખસમ ।। ૩૬**

શ્રી રાજજીની અસીમ અનુકંપાથી જ બ્રહ્માત્માઓએ આ ખેલ જોયો છે. આ કૃપાને કારણે તેઓ આ ખેલમાં પણ શ્રી રાજજીના ચરણોમાં આવ્યા છે. હવે તેઓ આ કૃપાને કારણે જાગૃત થઈને હંસતા-હંસતા પોતાના ધણીને મળશે.

**મેહેરેં ખેલ દેખ્યા મોમિનોં.......** શ્રી રાજજીની કૃપાએ જ બ્રહ્માત્માઓને નશ્વર જગતનો ખેલ બતાવ્યો છે. નહિ તો અખંડ ધામમાં રહેવાવાળા બ્રહ્માત્માઓ ત્યાં બેઠા-બેઠા નશ્વર જગતનો ખેલ કેવી રીતે જોઈ શકે? અખંડમાં નશ્વરતાની ઉપસ્થિતિ સંભવ હોઈ શકે નહીં. પરંતુ શ્રી રાજજીની કૃપાએ આ અસંભવને પણ સંભવ બનાવ્યું છે. તેઓએ બ્રહ્માત્માઓની સુરતા (મનોવૃત્તિ)ને તેમનાથી દૂર કરી નશ્વર જગતના ખેલમાં લગાડી અને તે સુરતા દ્વારા નશ્વર જગતના સુખ દુઃખનો અનુભવ કરાવ્યો. નહિ તો અખંડ પરમધામમાં પ્રેમના સિવાય અન્ય કોઈ અનુભવ સંભવ જ નથી. શ્રી રાજજીની કૃપાએ જ બ્રહ્માત્માઓને તેમની સુરતાના દ્વારા ખેલ બતાવીને ખેલમાં સુખ દુઃખનો અનુભવ કરાવતાં શ્રી રાજજીના પ્રેમના મહત્ત્વને અધિક સમજાવ્યું. એટલા માટે કહેવામાં આવ્યું છે કે શ્રી રાજજીની અસીમ કૃપાથી જ બ્રહ્માત્માઓએ અખંડ પરમધામમાં રહેવા છતા નશ્વર જગતનો ખેલ જોયો.

**મેહેરેં આએ તલેં કદમ.......**નશ્વર જગતનો ખેલ જોતાં-જોતાં પણ બ્રહ્માત્માઓ તારતમ જ્ઞાનના દ્વારા જાગૃત થઈને ખેલમાં પણ શ્રી રાજજીના ચરણોમાં એકત્રિત થયા અર્થાત્ નશ્વર ખેલ જોતાં-જોતાં પણ તેઓ મોહમાયાના વશમાં થઈ શ્રી રાજજીથી દૂર થયા નહીં પરંતુ તારતમજ્ઞાન પ્રાપ્ત કરી શ્રી રાજજીના ચરણોમાં એકત્રિત થયા. આ બધું શ્રી રાજજીની અસીમ કૃપાનો જ પ્રતાપ છે.

**મેહરેં ક્યામત કરકે........**હવે શ્રી રાજજીની અસીમ કૃપાના દ્વારા તેઓ તારતમ જ્ઞાન પ્રાપ્ત કરી માયા મોહમાં પણ જાગૃત રહેશે અને જ્યારે શ્રી રાજજી તેમને પરમધામમાં તેમના મૂળ તન પરઆત્મામાં જાગૃત કરશે ત્યારે તેઓ જાગૃત થઈને પોતાના ધણીને મળશે. જો કે તેઓ શ્રી રાજજીના ચરણોમાં જ રહીને માયાનો ખેલ જુએ છે પરંતુ માયા મોહને કારણે તેમને શ્રી રાજજીના ચરણોમાં રહેવાનો અનુભવ થતો નથી. એટલે તેઓ પોતાને શ્રી રાજજીથી દૂર સમજે છે. જ્યારે તેઓ પોતાના મૂળ તન પરઆત્મામાં જાગૃત થશે ત્યારે તેમને શ્રી રાજજી સાથે મિલન થયાનો અનુભવ થશે કે અમે હમણાં સુધી રાજજીથી દૂર થઈ ગયા હતા, અત્યારે અમે અમારા ધણી સાથે મળી રહ્યા છીએ. ત્યારે તેઓ હંસતા-હંસતા પોતાના ધણીને મળશે. આ બધું શ્રી રાજજીની કૃપાનું જ ફળ છે. હવેની બે ચોપાઈઓ દ્વારા શ્રી રાજજીની અસીમ કૃપાની અર્વણનીયતા સમજાવી રહ્યા છે,

**મેહેર કી બાતેં તો કહૂँ, જો મેહેર કો હોવે પાર ।**
**મેહરેં હક ન્યામત સબ માપી, મેહરેં મેહેર કો નાહી સુમાર ।। ૩૭**

શ્રી રાજજીની કૃપાનો જો કોઈ પારાવાર હોય તો હું તેમના વિષયમાં અવશ્ય કંઈક કહેત. આ કૃપાએ પરમધામના અખંડ વૈભવોનું નિરૂપણ કર્યું પરંતુ એનું સ્વયંનું નિરૂપણ થવું સંભવ નથી.

**મેહેર કી બાતેં તો કહૂં.......**મહામતિ શ્રી પ્રાણનાથજી અહીંયાં શ્રી રાજજીની અસીમ અનુકંપાની અવર્ણનીયતા સમજાવતા કહી રહ્યા છે, જો આ કૃપાનો કોઈ પારાવાર હોત તો હું એના વિષયમાં કાંઈક કહી શકત. એનો તો કોઈ પારાવાર જ નથી. ખરું જોતાં કોઈ પણ વ્યક્તિ એવો છે નહીં જે શ્રી રાજજીની કૃપાનો પાર પામી શકે. અનેક આત્માઓએ શ્રી રાજજીની કૃપાનો અનુભવ કર્યો પરંતુ કોઈ પણ તેમનો પાર પામી શક્યું નહીં. આ રીતે આ કૃપા અવર્ણનીય છે.

**મેહેરેં હક ન્યામત સબ માપી.......**વાસ્તવમાં શ્રી રાજજીની અસીમ કૃપા જ પરમધામના અખંડ વૈભવોનું નિરૂપણ કરી શકે છે. કેમકે બધા જ વૈભવોમાં આ કૃપા સર્વોપરિ છે એનો કોઈ પારાવાર નથી. પરમધામના વૈભવનું નિરૂપણ સંભવ નથી. આ વૈભવોનું નિરૂપણ કેવી રીતે કરી શકાય ? શ્રી રાજજીની કૃપાને જ આ શોભા પ્રાપ્ત થઈ છે કે તે આ વૈભવોનું નિરૂપણ કરી શકે છે. શ્રી રાજજીની કૃપા દ્વારા પરમધામની આ સંપત્તિઓનું નિરૂપણ તો થઈ જશે પરંતુ કૃપાનું પોતાનું નિરૂપણ તો કૃપાના દ્વારા પણ સંભવ નથી. આ કૃપા બીજા વૈભવોનું નિરૂપણ કરી શકે છે પરંતુ પોતાનું નહીં. એટલા માટે એનો કોઈ પારાવાર નથી.

**જો મેહેર ઠાડી રહે, તો મેહેર માપી જાએ ।**
**મેહેર પલ મેં બઢે કોટ ગુની, સો ક્યોં મેહરેં મેહેર મપાએ ।। ૩૮**

જો આ કૃપા થોડા સમય  માટે સ્થિર થઈ જાય તો એને માપી શકાય. આ તો પલમાત્રમાં કરોડો ગણી વધી જાય છે. એટલે એને કેવી રીતે માપી શકાય ?

**જો મેહેર ઠાડી રહે.......**શ્રી રાજજીની કૃપા નિરંતર વધતી જ રહે છે. કૃપાની વર્ષા થાય છે ત્યારે તેની તીવ્રતા નિરંતર બનેલી રહે છે. એટલા માટે એમને માપવી કઠીન છે. જો એ થોડા સમય માટે સ્થિર થઈ જાય ત્યારે તો એનું નિરૂપણ સંભવી શકે. એનો તો સ્વભાવ જ પળપળમાં વધવાનો છે. એટલા માટે એનું નિરૂપણ અસંભવ છે.

**મેહેર પલમેં બઢે કોટ ગુની.......**આ કૃપા પળપળમાં કરોડો ગણી વધી જાય

છે. પ્રત્યેક પળે વધતું રહેવું એનો સ્વભાવ છે એટલા માટે એનું નિરૂપણ સંભવ નથી. જો કે આ કૃપા પરમધામના બધા વૈભવોનું નિરૂપણ કરી લે છે પરંતુ એ પોતાનું નિરૂપણ કરી શક્તી નથી. આથી કૃપાને પારાવાર રહિત બતાવે છે. આપણે અંતર આત્માથી એનો અનુભવ કરવાનો છે અને અંર્દષ્ટિથી એના દર્શન કરવાના છે.

કૃપાનું મહત્ત્વ અધિક સમજાવતા કહે છે,

**મેહેરેં દિલ અરસ કિયા, દિલ મોમિન મેહેર સાગર ।**
**હક મેહેર લે બૈઠે દિલ મેં, દેખો મોમિનોં મેહેર કાદર ॥ ૩૯**

શ્રી રાજજીની કૃપાએ જ બ્રહ્માત્માઓના હૃદયને પરમધામ બનાવ્યું. હવે તેમના હૃદયમાં કૃપાનો આ અપાર સાગર લહેરાવા લાગ્યો. સ્વયં શ્રી રાજજી પોતાની કૃપાને લઈ તેમના હૃદયમાં બિરાજમાન થઈ ગયા છે. હે બ્રહ્માત્માઓ ! શ્રી રાજજીની કૃપાના સામર્થ્યને તો જુઓ.

**મેહેરેં દિલ અરસ કિયા.......**શ્રી રાજજી જ્યાં આગળ બિરાજમાન છે તે પરમધામ છે. શ્રી રાજજીની અસીમ કૃપાએ બ્રહ્માત્માઓના હૃદયને શ્રી રાજજીના બિરાજમાન થવા યોગ્ય બનાવી દીધું. એટલા માટે બ્રહ્માત્માઓના હૃદયને અહીં પરમધામ કહેવામાં આવ્યું છે. બ્રહ્માત્માઓએ ખેલમાં નશ્વર તન ધારણ કરેલ છે જે પ્રાકૃત પાંચ તત્ત્વ અને ત્રણ ગુણોનું હોવાથી વિકારી માનવામાં આવેલ છે. આવા વિકારી શરીરના હૃદયમાં શ્રી રાજજીનું બિરાજમાન થવું સંભવ નથી કેમકે શ્રી રાજજી સ્વયં નિર્વિકાર છે (નિર્વિકારં સનાતનમ્). પરંતુ શ્રી રાજજીની કૃપાથી બ્રહ્માત્માઓને નશ્વર ખેલમાં પણ તારતમ જ્ઞાન પ્રાપ્ત થયું જેના દ્વારા તેમનું હૃદય નિર્મલ બન્યું અને તેઓને શ્રી રાજજીની પિછાણ થઈ. સાથોસાથ તેમને પ્રેમ લક્ષણા ભક્તિ પ્રાપ્ત થઈ જેથી શ્રી રાજજી તેમના હૃદયમાં બિરાજમાન થઈ ગયા. શ્રી રાજજીની કૃપાએ વિકારી શરીરના હૃદયને નિર્વિકાર બનાવી તેને શ્રી રાજજીને બિરાજમાન થવા યોગ્ય બનાવી દીધું. શ્રી રાજજી બિરાજમાન થયા પછી બ્રહ્માત્માઓનું હૃદય પરમધામ બની ગયું. આ રીતે શ્રી રાજજીની કૃપાએ બ્રહ્માત્માઓના હૃદયને પરમધામ બનાવી દીધું.

**દિલ મોમિન મેહેર સાગર.....**શ્રી રાજજીના બિરાજમાન થયા પછી બ્રહ્માત્માઓના હૃદયમાં કૃપાનો સાગર ઊમટવા લાગે છે. શ્રી રાજજી સ્વયં કૃપાના સાગર છે. તેઓ જ્યારે બ્રહ્માત્માઓના હૃદયમાં બિરાજમાન થાય છે ત્યારે તેમાં કૃપાની લહેરો હિલોરા લેવા લાગે છે તેમનું હૃદય જાણે કૃપાનો સાગર બની જાય છે. એ રીતે લહેરાવા લાગે છે.

**હક મેહેર લે બૈઠે દિલમેં.........**શ્રી રાજજી જ્યારે બ્રહ્માત્માઓના હૃદયમાં બિરાજમાન થાય છે તે સમયે તેઓ પોતાની કૃપાને પણ સાથે લઈને બિરાજમાન થાય છે. તેઓ સ્વયં કૃપાના સાગર છે. એટલા માટે બ્રહ્માત્માઓનું હૃદય કૃપાનો સાગર બની જાય છે. શ્રી રાજજીની કૃપા તેમના હૃદયમાં રહે છે આથી શ્રી રાજજી જ્યાં બિરાજમાન થાય છે ત્યાં તે આપોઆપ આવી જાય છે.

**દેખો મોમિનોં મેહેર કાદર......**શ્રી રાજજીની કૃપા જ બ્રહ્માત્માઓના હૃદયને શ્રી રાજજીના બિરાજમાન હોવા યોગ્ય બનાવી દે છે. શ્રી રાજજી જ્યાં બિરાજમાન થાય છે તેને પરમધામ કહેવામાં આવે છે. એટલા માટે બ્રહ્માત્માઓના હૃદયને પરમધામ કહેવામાં આવ્યું છે. શ્રી રાજજીની કૃપામાં જ આ સામર્થ્ય છે કે તે નશ્વર તનના હૃદયને પરમધામ બનાવી શકે છે. કૃપાના આ સામર્થ્યને સમજવા માટે મહામતિ બ્રહ્માત્માઓને આહ્વાન કરે છે.

કૃપાનું મહત્ત્વ અધિક દર્શાવતાં કહી રહ્યા છે,

**બાત બડી હૈ મેહેર કી, હક કે દિલ કા પ્યાર ।**
**સો જાને દિલ હક કા, યા મેહેર જાને મેહેર કો સુમાર ।। ૪૦**

કૃપાની તો વાત જ નિરાળી છે. આ તો શ્રી રાજજીના હૃદયનો પ્રેમ છે. એને તેમનું હૃદય જ જાણે છે અથવા સ્વયં કૃપા જ કૃપાનું નિરૂપણ કરી શકે છે.

**બાત બડી હૈ મેહેર કી.......**શ્રી રાજજીની કૃપા નશ્વર જગતની બધી વસ્તુઓથી નિરાળી (ઉત્તમ) છે. પરંતુ પરમધામનો બીજો વૈભવ પણ વિશિષ્ટ છે. કેમકે આ શ્રી રાજજીના હૃદયનો પ્રેમ છે. જેનું સ્થાન શ્રી રાજજીનું હૃદય છે અને જે શ્રી રાજજીના પ્રેમનું સ્વરૂપ હોય છે એવી કૃપાના વિષયમાં શું કહી શકાય ? તે તો બધા જ વૈભવોમાં વિશિષ્ટ છે.

**સો જાને દિલ હકકા.......**શ્રી રાજજીના હૃદયના પ્રેમ સ્વરૂપ કૃપાને સ્વયં શ્રી રાજજી જાણે છે અથવા તેની કૃપા જાણે છે. નહિ તો આ કૃપાને સમજવી ઘણી જ મુશ્કેલ છે. કૃપાનું સ્થાન તેમનું હૃદય છે. એટલા માટે તે આને સમજી શકે છે. જે રીતે શ્રી રાજજીના કોઈ પણ અંગને માપી શકાતું નથી તેવી જ રીતે તેમની કૃપાને પણ ક્યારેય માપી શકાય નહીં. સ્વયં શ્રી રાજજીનું હૃદય અથવા તેમની કૃપા જ આ કૃપાને સાચી રીતે સમજી શકે છે.

**(ક્રમશ........)**

# ત્રણ વિન્દુ

**૦૧.ત્રણ પ્રકારની ભક્તિ :** સકામ(સગુણ), નિષ્કામ(નિરગુણ),પરા.

**૦૨.ત્રણ અવસ્થા :** જાગ્રત, સ્વપ્ના, તુરીયા.

**૦૩.ત્રણ ગુન :** સત, રજ, તમ

**૦૪.હિન્દૂ શાસ્ત્રોંની તીન તીર્થ :** સ્થાવર તીર્થ, જંગમ તીર્થ, માનસતીર્થ.

**૦૫.ત્રણ સૃષ્ટિ :** મૈથુની, માનસી અને મહત્

**૦૬.ત્રયગતિ :** મંદ શીઘ્ર, સમાન (ઘટના, બઢના, સમાનતા હોના )

**૦૭.ત્રણ તાપ :** દૈહિક, દૈવિક, ભૌતિક

**૦૮.ત્રણ લિઙ્ગ :** પુલિંગ, સ્ત્રીલિંગ, નપુંસક લિંગ

**૦૯.ત્રિશુદ્ધ :** મન, વચન, કાયા

**૧૦.ત્રિવિધમારુત :** શીતલ, મંદ, સુગંધ

**૧૧.ત્રણ પ્રકારની ઈચ્છા :** પુત્રૈષણા, વિત્તૈષણા, લોકૈષણા

**૧૨.ત્રણ પ્રકારના દુઃખ :** આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક

**૧૩.ત્રણ ભાવ :** પુષ્ટ, પરવાહ, મર્યાદા.

**૧૪.ત્રણ માનસિક ભોજનઃ** દયા, સ્પૃહા, શ્રદ્ધા

**૧૫.ત્રણ કાયિક ભોજન :** દાન, પરિત્રાણ, પરિરક્ષણ

**૧૬.ત્રણ તકરાર :** વ્રજ, રાસ, જાગની

**૧૭.ત્રણ પુરી :** નવતનપુરીધામ, મંગલપુરીધામ, પદ્માવતીપુરીધામ

**૧૮.ત્રણ પ્રકારકી રાસઃ** અખણ્ડ મહારાસ, પ્રતિભાસિકી રાસ, વ્યાવહારિકી રાસ

**૧૯.ત્રણ સ્વભાવ :** ચંચલ, સમ, શાંત

**૨૦.ત્રણ ગતિ :** અર્ધ, મધ્ય, અધોગધિ

**સંકલન : યોગેન્દ્ર ઉપ્રેતી**

# સમાચાર દર્પણ

## શ્રી ૫ નવતનપુરી ધામમાં આયોજિત

# શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ-૨૦૦૯

## શ્રી તારતમ સાગરના ૩૧૩ પારાયણ તથા ૩૧૩ રાજભોગ

સુન્દરસાથજી ! આપ સહુ **શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામના મહિમા તથા ગૌરવથી પરિચિત છો.** આ પરમ પુનિત ધર્મ ધરાના વિષયમાં મહામતિ શ્રી પ્રાણનાથજીએ **'તારતમ સાગર'** માં અનેક ચોપાઈઓ દ્વારા એની પ્રશંસાના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા છે. અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્માએ **'સબ વિધ વતન સહિત'** અહીં પ્રગટ થઈને એને પોતાનું વિશ્રામ સ્થળ બનાવ્યું. એટલા માટે મહામતિએ કહ્યું, **'ઉત્તમ ચૌદે ભવનમાં જિહાં વાલાનો વિશ્રામ'** આ પાવન પુરીમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના બધા જ ઉત્સવો ખૂબ જ સુંદર રીતે મનાવવામાં આવે છે. જેથી ધર્મપ્રેમી સુંદરસાથ ધર્મ તથા ધામના પ્રત્યે જોડાયેલો રહે છે.

સુંદરસાથજી ! આપ સૌ જાણો છો કે મહામતિ શ્રી પ્રાણનાથજીનું પ્રાગટ્ય શ્રી ૫ નવતનપુરી ધામમાં થયું હતું. આથી અહીંયાં પ્રતિવર્ષ તેમનો પ્રાગટ્ય ઉત્સવ વાર્ષિક ઉત્સવના રૂપે ભવ્યતા અને દિવ્યતાપૂર્ણ મનાવવામાં આવે છે. આ ઉત્સવ કોઈ વર્ષે ત્રણ દિવસનો, કોઈ વર્ષે પાંચ દિવસનો તથા કોઈ વર્ષ સાત દિવસનો હોય છે. શ્રી ૫ નવતનપુરી ધામના વાર્ષિક ઉત્સવના રૂપે મનાવવામાં આવતો આ મહોત્સવ ચૌદશ મેળાના રૂપે પણ પ્રસિદ્ધ છે.

આ વર્ષે શ્રી ૫ નવતનપુરી ધામમાં શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવનું વિશિષ્ટ રૂપે આયોજન થયું હતું. શ્રી તારતમ સાગરના ૩૧૩ પારાયણ તથા ૩૧૩ રાજભોગની સાથે આયોજિત આ મહોત્સવ અપૂર્વ હતો. આપ સૌ જાણો છો તેમ **નિજાનંદચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી ૫ નવતનપુરી ધામમાં રહીને ૩૧૩ બ્રહ્માત્માઓની જાગણી કરી હતી.** આથી આ બ્રહ્માત્માઓની સંખ્યાના પ્રતીક રૂપે શ્રી તારતમ સાગરના ૩૧૩ પારાયણ તથા ૩૧૩ રાજભોગનું આયોજન યથાર્થમાં તે બ્રહ્માત્માઓની સ્મૃતિ જાળવી રાખવામાં થયું હતું.

**મંગલ પ્રારંભ :** મહાકવિ કાલીદાસે મનુષ્યને ઉત્સવ પ્રિય કહ્યો છે. આપણે

ઉત્સવોને અત્યંત ઉમંગ અને ઉલ્લાસની સાથે મનાવીએ છીએ પરંતુ આધ્યાત્મિક ભાવ વિના મનાવવામાં આવેલો ઉત્સવ માત્ર મનોરંજન કહેવાય છે. ઉત્સવ પોતે જ મંગલમય હોય છે અને એનો શુભારંભ પણ મંગલમય જ હોય છે.

તારીખ ૧૬ સપ્ટેમ્બરની સુરમ્ય પ્રભાતે ૭-૩૦ કલાકે સુંદર રીતે સજાવેલા પારાયણ મંડપમાં ૩૧૩ તારતમ સાગર પધરાવી પૂજન-અર્ચન અને આરતી કરવામાં



આવી. પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીની સાથે સંતો, ટ્રસ્ટીગણ અને બ્રહ્મમુનિઓએ એક સાથે આરતી ઉતારી. અસંખ્ય દીવાઓથી ઝગમગતો પારાયણ મંડપ દિવ્ય અને અલૌકિક લાગતો હતો. નિજનામ મંત્રના સમૂહ જપ પછી **શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના મુખારવિંદથી પારાયણનો શુભારંભ થયો.** આ અવસરે દેશ-વિદેશથી પધારેલા સંતજનો તથા વિદ્વદ્જનોમાં શ્રી ૫ પદ્માવતીપુરી ધામ, શ્રી પ્રાણનાથ ટ્રસ્ટ બોર્ડના અધ્યક્ષ **સંત શિરોમણિ સ્વામી સદાનંદજી મહારાજ,** શ્રી બાબા દયારામ ધામ, કરનાલના **ગાદીપતિ શ્રી જગતરાજ મહારાજ,** શ્રી મંગલધામ કાલિમ્પોંગના **શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજ,** ચેતનધામ ગંગાપુર (બિહાર) ના ગાદીપતિ **શ્રી નંદકિશોરદાસજી મહારાજ,** શ્રી કૃષ્ણ પ્રણામી મૂલમિલાવા માનવ મંદિરના **શ્રી તારતમ**



**જ્યાતિજી મહારાજ,** મેરતાના **શ્રી હેમંત ભંડારીજી,** હરકુંડીના **શ્રી રશ્મિભાઈ ભટ્ટ,** ઈકદિલ ઈટાવાથી **શ્રી પરમાનંદજી,** સિલગુડીથી **શ્રી હંસરાજજી, પં. લક્ષ્મીકાંત શર્મા, શ્રી નારાયણ સ્વામી** તથા શ્રી ૫ નવતનપુરી ધામના ટ્રસ્ટીજનોની વિશેષ રૂપે ઉપસ્થિતિ હતી. શ્રી તારતમ સાગરની પ્રારંભની ૧૭ ચોપાઈઓના પઠન બાદ શ્રી તારતમ સાગરના ૩૧૩ સપ્તદિવસીય પારાયણનો હર્ષોલ્લાસથી શુભારંભ થયો.

**સભામંચનો શુભારંભ :** તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૦૯ ના રોજ સવારે ૯-૦૦ કલાકે સિનાગર આરતી પછી વિશિષ્ટ સંતજન શ્રી ૫ નવતનપુરી ધામના સેવાભાવી ટ્રસ્ટીગણ તથા અગ્રગણ્ય સુંદરસાથની વિશેષ ઉપસ્થિતિમાં **શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્‌ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિ મહારાજશ્રીના પવિત્ર કરકમલો દ્વારા દીપ પ્રાકટ્ય કરી સભામંડપનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું.** ત્યાર બાદ સામૂહિક રૂપે મહેર સાગરનો સસ્વર પાઠ તથા શ્રી મનીષાનંદ શાસ્ત્રીના હલકભર્યા કંઠે શાસ્ત્રીય રાગમાં પ્રાર્થના ગાનથી સમગ્ર સભામંડપમાં ભક્તિપૂર્ણ માહોલ છવાઈ ગયો. **પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ વાણી ચર્ચા દ્વારા સુંદરસાથના જીવનમાં**





**પ્રેમનું મહત્ત્વ તથા મહામતિ પ્રાણનાથજીની જીવન ઝરમર પર સુંદર રીતે પ્રકાશ પાડ્યો.** ત્યાર બાદ **સંત શિરોમણિ સ્વામી સદાનંદજી મહારાજ, મહંત શ્રી જગતરાજ મહારાજ** તથા **શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજે** સુંદર વક્તવ્ય પ્રસ્તુત કરી સુંદરસાથને ભક્તિરસમાં તરબોળ કરી દીધી. શ્રી ૫ નવતનપુરી ધામની ગરિમા, શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના સિદ્ધાંત તથા મહામતિ પ્રાણનાથજીનું યોગદાન અને તેમનું જીવન આ વિષયો પર અધિક પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વચ્ચે-વચ્ચે મહામતિની વાણીનું ગાયન, ભજન, ધૂન વગેરે રજૂ થતાં હતાં.

**રાજભોગ :** તારીખ ૧૬ સપ્ટેમ્બર ના રોજ પૂર્વ સુનિયોજિત કાર્યક્રમ પ્રમાણે બપોરે ૩-૦૦ વાગે રાજભોગનું વિશિષ્ટ અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાજજી મહારાજને અર્પણ કરવામાં આવેલા ૩૧૩ પ્રકારના મિષ્ટાન, મેવો, ફળફળાદિ અલગ-અલગ પ્રકારના વ્યંજનો યુક્ત રાજભોગના દર્શનાર્થે હજારો સુંદરસાથ પારાયણ મંડપમાં પ્રતિક્ષા કરતાં બેઠાં હતા.



બપોરે ઉઠાપન બાદ મંદિરનો પડદો ખુલ્યો, શ્રી રાજજીના અલૌકિક દર્શન સાથોસાથ તેમને સમર્પિત કરવામાં આવેલા ૩૧૩ રાજભોગ પણ આજ સમયે સુંદરસાથજીના દર્શનાર્થે ખુલ્લા મૂકવામાં આવ્યા. તે દિવ્ય, ભવ્ય અને મનોહર રાજભોગના દર્શન કરી સુંદરસાથ પોતાને અહોભાગી સમજી રહ્યા હતા. કેમકે તે સમયનું અનુપમ દશ્ય કાંઈક ઓર જ હતું. એમાં પણ ખાસ વાતતો એ હતી કે ૩૧૩ કિલોનો વિશાળ લાડુ પણ બનાવી શ્રી રાજજીને સમર્પિત કરવામાં આવ્યો હતો. જેના દર્શન પણ દિવ્ય હતા.

બપોરે ૪-૦૦ વાગ્યે ભજન ગાયક શ્રી નિપૂર્ણ ઝાના ભજન ગાયન દ્વારા સભાનો પ્રારંભ થયો. ત્યાર બાદ **શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્યજી**એ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં વીતકનું મહત્ત્વ તથા મહામતિના પ્રાગટ્ય મહોત્સવના વિષયમાં સુંદર વક્તવ્ય પ્રસ્તુત કર્યું. તે પછી **શ્રી નારાયણ સ્વામી, શ્રી તારતમ જ્યોતિજી મહારાજ, શ્રી હેમંત**

**ભંડારીજી** વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. અંતમાં **પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી**એ મહામતિશ્રી પ્રાણનાથજીની ચોપાઈઓનુ વર્તમાન પરિપ્રેક્ષ્યમા મહત્ત્વ સમજાવી ઉપસ્થિત સુંદરસાથજીને આશીર્વાદ પ્રદાન કર્યા. પોતાના વક્તવ્યમાં **કૃપા માફક કરણી, કરણી માફક કૃપા.....** આ ચોપાઈ પર સુંદર વિવેચન કરી શાસ્ત્રોની સાથોસાથ શ્રી તારતમ સાગરના ઉદાહરણો દ્વારા ભાવ વિભોર કરી દીધા. સુંદરસાથ પણ તેઓશ્રીની વિદ્વતાપૂર્ણ અને જ્ઞાન ગંભીર વાણીથી સંપૂર્ણ રીતે ભક્તિરસમાં નિમગ્ન થતાં આનંદનો અનુભવ કરી રહ્યા હતા.



**પ્રાગટ્ય આરતી તથા ધ્વજારોહણ દર્શન :** જે પાવન ઘડીની પ્રતિક્ષા લાખો સુંદરસાથ પ્રત્યક્ષ તથા પરોક્ષ રૂપે કરી રહ્યા હતા આજે તે પાવન ઘડી આવી પહોંચી.

તારીખ ૧૭ સપ્ટેમ્બર સવારે ૧૦ કલાકે શ્રી પ્રાણનાથજીની પ્રાગટ્ય ઘડી હતી. બધા જ સંત ગુરુજનો તથા સુંદરસાથ ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે આ મંગલમય ઘડીની પ્રતિક્ષામાં સજ્જ થઈ બેઠા હતા. સર્વપ્રથમ પારાયણ મંડપમાં પૂજ્ય આચાર્યશ્રીની સાથે સંત-ગુરુજનો તથા સુંદરસાથ પૂજન તેમજ આરતીમાં સામેલ થયા. ત્યાંની વિધિ પૂર્ણ થતાં જ બધાની ચિત્તવૃત્તિ હવે શ્રી પ્રાણનાથજીના પ્રાગટ્ય દર્શન તરફ મંડાયેલી હતી. પૂજ્યપાદ આચાર્ય





મહારાજશ્રીની આગેવાની હેઠળ બધા જ સંતો, ગુરુજનો, ટ્રસ્ટીગણ, અગ્રગણ્ય સુંદરસાથજીએ પ્રાગટ્ય આરતી માટે પારાયણ મંડપમાંથી નિજમંદિરની તરફ પ્રસ્થાન કર્યુ. ત્યાં પ્રાગટ્ય ઉત્સવ સમયે ગવાતી વધાઈની ચોપાઈઓ, **યોગમાયાનો દેહ ધરીને.......**નું ગાયન થઈ રહ્યું હતું. બીજી તરફ સુંદરસાથજી નિજમંદિરની સામે પડદો ખૂલવાની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા. બરાબર ૧૦ ના ટકોરે પડદો ખુલતા જ સુંદરસાથે ઉમંગ સભર નાળિયેર ફોડી ખુશી વ્યક્ત કરી. નગારા અને ઘંટનાદથી મંદિરનું પરિસર ગૂંજી ઊઠ્યું. સર્વપ્રથમ મંદિરમાં **પૂજારી શ્રી યમનાથ શાસ્ત્રીજી** દ્વારા પાંચ કપૂરની આરતી બાદ **પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ મહાઆરતી કરી** ત્યારબાદ ઉપસ્થિત સંતોમાં **સ્વામી સદાનંદજી મહારાજ, શ્રી જગતરાજજી મહારાજ, શ્રી મોહન પ્રિયાચાર્યજી મહારાજ, મહંતશ્રી નંદકિશોર દાસજી, સ્વામી તારતમ જ્યોતિજી,** વગેર સંતોએ ભક્તિભાવ પૂર્વક આરતી ઉતારી. તે ઉપરાંત શ્રી ૫ નવનપુરી ધામના સેવાભાવી ટ્રસ્ટીગણમાં **શ્રી નવીનભાઈ પરીખ, શ્રી તુલસીદાસભાઈ ઠક્કર, શ્રી મનસુખભાઈ સંઘાણી, શ્રી અમિતભાઈ ભાવસાર, શ્રી ગિરધારીલાલ તનેજા, શેઠ શ્રીકાન્ત રૂપારેલ, શ્રી હરદાસભાઈ સોલંકી, શ્રી ભગવાનભાઈ વસોયા, શ્રી પુરુષોત્તમભાઈ પટેલ** વગેરેએ આરતીનો લાભ લીધો. ત્યારબાદ સુંદરસાથે ક્રમશઃ આરતી ઉતારી અને દર્શનનો લાભ લીધો. સમસ્ત સુંદરસાથજીને શ્રી રાજજીના દર્શન સારી રીતે થઈ શકે એટલા માટે આ વખતે વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું અને એ





અંગે જરૂરી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

પ્રાગટ્ય મહોત્સવની આરતી બાદ આચાર્ય મહારાજશ્રી તથા સંતગણ અને સંસ્થાના કાર્યકર્તાઓ મંદિરના શિખર ઉપર પહોંચી ગયા. કલશ પૂજન તથા અભિષેક બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ સમયે સમગ્ર પરિસર શ્રી પ્રાણનાથ પ્યારેકી જય, નવતનપુરી ધામકી જય આદિ જયઘોષ થી ગૂંજી ઊઠ્યું. નૂતન ધ્વજાના દર્શન કરી સમગ્ર સુંદરસાથજી ભાવવિભોર થઈ રહ્યા હતા.

**શોભાયાત્રા :** તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૦૯ ના રોજ બપોરે ૪-૦૦ કલાકે શ્રી ૫ નવતનપુરી ધામથી વિશાળ શોભાયાત્રાનો પ્રારંભ થયો. બેંડની સુમધુર સૂરાવલીની સાથોસાથ નગરજનોને ભક્તિના રંગમાં રંગીને આગળ વધી રહી હતી. શ્રી પ્રાણનાથજી પ્રાગટ્ય ભૂમિ શ્રી પ્રાણનાથજી મેડી મંદિર થઈને નગર પરિક્રમા કરતી આ યાત્રા સાંજે ૭-૩૦ કલાકે પુનઃ નવતનપુરી ધામના પવિત્ર પ્રાંગણમાં આવી આ ભવ્ય શોભાયાત્રા પૂર્ણ થઈ. આ દિવ્ય અને અભૂતપૂર્વ યાત્રામાં સર્વપ્રથમ શ્રી રાજજીની સેવાનો ભવ્યાતિ ભવ્ય શ્રૃંગારયુક્ત રથ સુશોભિત થઈ રહ્યો હતો. ત્યારે બાદ






પૂજયપાદ આચાર્ય મહારાજશ્રીનો નયનરમ્ય રથ, વિવિધ સ્થાનોથી પધારેલા વિશિષ્ટ સંતો માટે સુંદર રીતે શણગારેલી બગીઓમાં સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. એની સાથોસાથ અલગ-અલગ ટ્રેકટરોમાં શ્રી કૃષ્ણલીલા તથા પ્રાણનાથજીની મૂર્તિઓની ઝાંખીઓ શોભાયાત્રાને દિવ્ય બનાવી રહી હતી. બેંડવાજા, રાસમંડળીઓ, મહિલામંડળ, ગુજરાતનું ભજન મંડળ અને વિશાળ સંખ્યામાં સુંદરસાથજી આ શોભાયાત્રામાં સામેલ હતા. સર્વત્ર જય જય કાર અને આનંદ ઉમંગથી સુંદરસાથજી સંગીતની સૂરાવલીની સાથે ઝૂમી રહ્યા હતા. બહેનો ગરબામાં અને ભાઈઓ રાસમાં આનંદ મગ્ન થઈ રાસગરબાની રમઝટ બોલાવી રહ્યા હતા. ડી. જે. સાઉન્ડ સિસ્ટમની સાથે ઝૂમતાં સુંદરસાથ તથા ભક્તજનોને ક્યારેય થાકનો અનુભવ થયો નહીં. જામનગરના નગરજનો શોભાયાત્રાના દર્શન માટે પોતપોતાના ઘરની બહાર ઓટલા પર, રસ્તા પર, પ્રતીક્ષારત હતા. નગરજનોએ બાલ્કનીઓમાંથી પુષ્પવર્ષા કરી શોભાયાત્રાનું આદકેરું સ્વાગત કર્યું. **કૃષ્ણ કનૈયાલાલ કી જય...... !** આ પ્રકારના જયનાદથી ગગન ગુંજાયમાન થઈ રહ્યું હતું. આ સમયે એવો અનુભવ થઈ રહ્યો હતો જાણે પરમધામમાં જ શ્રી રાજ શ્યામાજીની સાથે ૧૨ હજાર બ્રહ્મપ્રિયાઓ





સુખપાલમાં બેસી યાત્રા કરી રહી હોય. આ રીતે શોભાયાત્રા ૫.૩૦ કલાકે મેડીમંદિર પહોંચી. ત્યાં પૂજન, આરતી, ભોગ અને નૂતન ધ્વજારોહણ બાદ યાત્રા પુનઃ શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરીને સાંજે ૭-૩૦ કલાકે શ્રી ૫ નવતનપુરીધામમાં આવી પહોંચી. અહીંયાં પણ ડી.જે. સાઉન્ડ તથા બેન્ડના તાલની સાથે સુંદરસાથે રાસ ગરબાનો ખૂબ જ આનંદ લીધો.

પ્રતિદિન પ્રાતઃ ૫-૧૫ વાગે મંગલા આરતીથી દિવસનો શુભારંભ થતો હતો. પ્રાતઃ ૭-૩૦ કલાકે પારાયણ મંડપમાં સામૂહિક આરતી-પૂજન, ભોગ પછી પારાયણ પઠનનો આરંભ કરવામાં આવતો હતો. બરાબર ૯-૦૦ કલાકે સભામંચના કાર્યક્રમનો પ્રારંભ થતો હતો. સભાની શરૂઆત પ્રત્યેક દિવસે શ્રી ૫ નવતનપુરી ધામના તથા બનારસની સંગીત મંડળી તથા જુદા-જુદા સ્થાનોથી પધારેલા સંગીતજ્ઞોના ભક્તિભાવ પૂર્ણ ભજનો તેમજ ધૂનથી કરવામાં આવતી હતી. ત્યારબાદ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી તારતમ સાગરની ચર્ચા તથા આશીર્વચન બન્નેની વર્ષા ધર્મપરાયણ સુંદરસાથજી ઉપર કરતા હતા.

તારીખ ૧૮ તથા ૧૯ સપ્ટેમ્બરના રોજ **શ્રી ૫ મહામંગલપુરી ધામના આચાર્ય શ્રી ૧૦૮ સૂર્યનારાયણદાસ મહારાજની** ઉપસ્થિતિ રહી. તેઓશ્રીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોદ્ધન કરી સુંદરસાથજીને આશીર્વચન પ્રદાન કર્યા. ઉપરોક્ત સંત ગુરુજનો સિવાય તારીખ ૧૬ થી ૨૧ સુધી સભામંડપમાં સમયાનુકૂલ પોતાના વક્તવ્ય પ્રસ્તુત કરવાવાળાઓમાં શ્રી પદ્માવતીપુરી ધામના ટ્રસ્ટી શ્રી કુંજવિહારી દુબે, સચિવ શ્રી રૂપરાજ શર્મા, શ્રી ભદ્રાવતીપુરી-ભરોડાના શ્રી ટહલકિશોરજી મહારાજ, ચેતનધામ ગંગાપુરના મહંત શ્રી નંદકિશોરદાસજી મહારાજ, ઈકદિલ ઈટાવાના શ્રી પરમાનંદજી,

સિલિગુડીના શ્રી હંસરાજજી, શ્રી ૫ નવતનપુરી ધામના શ્રી સુરેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી લક્ષ્મણ શાસ્ત્રીજી, શ્રી ચંદન શાસ્ત્રીજી, શ્રી જનાર્દન શાસ્ત્રીજી, શ્રી રમણરાજ શાસ્ત્રીજી, તુલસી શાસ્ત્રીજી, તિલક પ્રણામીજી, અમદાવાદના શ્રી રાજેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી કૃષ્ણ પ્રણામી સેવાશ્રમ-શામળાજીના શ્રી પુરુષોત્તમ શાસ્ત્રીજી, જયપુરના શ્રી બનવારી લાલજી, કરનાલના શ્રી પ્રમોદ સુધાકરજી, દિલ્હીના શ્રી એચ. કે. એલ આહુજાજી, હરકુંડીના શ્રી રશ્મિભાઈ ભટ્ટજી, શ્રી બાઈજીરાજ સેવાશ્રમ-ધોરાજીના સુશ્રી ભાનુબેન પ્રણામી, સુશ્રી ગીતાબેન પ્રણામી, શ્રી વૃન્દાવનના શ્રી ભવાનીશંકરજી તથા ભોપાલજી વગેરે મહાનુભાવો હતા જેઓએ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના સિદ્ધાંત, શ્રી ૫ નવતનપુરી ધામની મહિમા તથા મહામતિ શ્રી પ્રાણનાથજીના કાર્યો ઉપર પ્રવચન કરી સુંદરસાથને લાભાન્વિત કર્યા.

શ્રી ૫ નવતનપુરી ધામના આમંત્રિત અન્ય સંતોમાં આર્ષ વિદ્યામંદિર રાજકોટના અધ્યક્ષ તથા હિન્દુ ધર્મ આચાર્ય મહાસંઘના સચિવ સ્વામી શ્રી પરમાત્માનંદજી આણંદાબાવા સેવા આશ્રમ-જામનગરના મહંત શ્રી દેવપ્રસાદજી મહારાજ, શ્રી કબીર આશ્રમ જામનગરના મહંત શ્રી રામેશ્વર દાસજી સાહેબ, શ્રી સ્વામી નારાયણ મંદિર-જામનગરના કોઠારી સ્વામી શ્રી ચતુર્ભુજ દાસજી વગેરે વિશિષ્ટ સંતોજનોએ સમયાનુકૂલ ઉપસ્થિત રહી ધર્મ ચર્ચા કરી હતી.

આ રીતે પ્રત્યેક દિવસે અનેક સંગીતકારોએ મહામતિની વાણીનું ગાયન, ભજન, કીર્તન તથા અનેક પ્રકારની ધૂનથી વાતાવરણને ભક્તિમય બનાવતા હતા.

એમાં મુખ્યતત્વે વારાણસીથી પધારેલા ડૉ. રાજેશ્વર આચાર્ય, શ્રી મનીષાનંદ શાસ્ત્રી, શ્રી નિપૂર્ણ ઝા. પં શ્રી જ્ઞાનેન્દ્ર ભારદ્વાજ, શ્રી નિરંજન ભંડારી, હિસ્સારના શ્રીમતી શશીબેન મિત્તલ, શ્રી ૫ નવતનપુરી ધામના શ્રી રાજીવ લોચન શાસ્ત્રી, શ્રી પ્રકાશ શાસ્ત્રી, શ્રી કૃષ્ણ શાસ્ત્રી, શ્રી નવીનચંદ્ર શાસ્ત્રી, શ્રી સુનિલ પ્રણામી, ગણેશ શાસ્ત્રી, ઘનશ્યામ આચાર્ય, શ્રી વિધાન પ્રણામી, વલસાડના શ્રી કનૈયાલાલ ભાવસાર, નડિયાદના શ્રી ચેતનમણિ પોરબંદરના શ્રી કેસુભાઈ પુરોહિત તથા શ્રી જ્યોતિ સ્વરૂપ વગેરે હતા.

આ રીતે અનેક પ્રકારના મનોહર કાર્યક્રમો સમગ્ર દિવસ દરમિયાન થતાં રહેતા હતા. સુંદરસાથજીએ પણ બધા કાર્યક્રમોનો યથા સંભવ ઉપસ્થિત રહીને પોતાના જીવનને ભક્તિમય બનાવવાની પૂરી કોશિશ કરી. દરરોજ રાત્રે રાસ-ગરબાના સામૂહિક કાર્યક્રમો પણ એટલા જ સુંદર અને સર્વને આનંદિત કરતા હતા.

જામનગર શહેરના અગ્રણી નાગરિકજનોએ પણ આ મહોત્સવમાં સામેલ થઈ ધર્મલાભ પ્રાપ્ત કર્યો. એમાં જામનગર જિલ્લાના સંસદસભ્ય શ્રી વિક્રમભાઈ માડમ, મેયર શ્રી કનકસિંહ જાડેજા, ડે. મેયર શ્રીમતી રેખાબેન શર્મા, જામનગર શહેરના ધારાસભ્ય શ્રીમતી વસુબેન ત્રિવેદી, જામનગર ગ્રામ્યના ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, કોર્પોરેટર શ્રી મનીષભાઈ કનખરા, શ્રીમતી શોભનાબેન વ્યાસ, ગુજરાતના પૂર્વ વિકાસ મંત્રી શ્રી પરમાનંદભાઈ ખટ્ટર, પૂર્વ મેયરશ્રી અવિનાશભાઈ ભટ્ટ, લોકપ્રિય બિલ્ડર્સ શ્રી નિલેશભાઈ ટોલિયા, ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના સુપરીટેડેન્ટ ડૉ. વ્યાસ સાહેબ, લોકપ્રિય બાળરોગ નિષ્ણાંત તથા સમાજ સેવક ડૉ. હરગોવિંદભાઈ તન્ના, ઉદ્યોગપતિ શ્રી હરેન્દ્રભાઈ ભાડલાવાલા, સમર્પણ હોસ્પિટલના સેવાભાવી મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વસ્તાભાઈ કેશવાલા, એસ્સારના ડૉ. જોગીનભાઈ જોશી તથા પ્રિ. શ્રી દિલીપભાઈ આશર વગેરે વિશેષ રૂપે હાજર રહ્યા હતા. જેઓની સેવા અને સમર્પણને ધ્યાનમાં રાખીને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ બધાનું શાલ ઓઢાડી સન્માન કરી શ્રી ૫ નવતનપુરી ધામના આશીર્વાદ પ્રદાન કર્યા.

**વિ. હિ. પ. દ્વારા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનું સન્માન :** વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંત અધ્યક્ષ ડૉ. જગદીશભાઈ ધોળકિયા, અધ્યક્ષ શ્રી દિનેશભાઈ કનખરા, ઉપાધ્યક્ષ શ્રી અશોકભાઈ રસિયા, શ્રી દેવુભાઈ દવે, બજરંગદળ, શ્રી અશોકભાઈ ભૂતિયા તથા સંપર્ક પ્રમુખ શ્રી પાઠક સાહેબ વગેરેએ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનું ભવ્યાતીભવ્ય સન્માન કર્યુ.

**આશીર્વાદ :** આ વર્ષે આશીર્વાદનો કાર્યક્રમ પણ કાંઈક વિશેષ હતો. પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ વિચાર કર્યો કે શ્રી ૫ નવતનપુરી ધામ પ્રત્યે જેઓએ વર્ષોથી નિષ્ઠાપૂર્વક સેવા બજાવી છે અને હાલમાં પણ કરી રહ્યા છે તે બધાને શ્રી ૫ નવતનપુરી ધામના આશીર્વાદ પ્રદાન કરવામાં આવે.

સેવા કોઈ નાની કે મોટી હોતી નથી, સેવા તો સેવા જ છે. આથી જેઓએ પોતાની શક્તિ, સમજ તથા સમય અનુરૂપ સેવા કરી હતી તે બધા સેવાભાવીઓને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ દિલ ખોલીને આશીર્વાદ પ્રદાન કર્યા. શ્રી રાજજી મહારાજની અસીમ કૃપાથી પૂજ્ય આચાર્યશ્રીએ લાંબા સમયની ગણતરી કરી, ભવિષ્યમાં સુંદરસાથની સંખ્યા વધે તો સારી રીતે દર્શનનો લાભ લઈ શકાય એ હેતુથી શ્રી ૫ નવતનપુરી ધામનું પ્રાંગણ વિસ્તૃત કરી મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો. આ ભગીરથ કાર્ય ને

બે મહીનામાં પૂર્ણ કરી એક નમૂના પ્રસ્તુત કર્યો. આ કાર્યમાં મદદરૂપ થઈ જે ધર્મપરાયણ અને સેવાભાવી સુંદરસાથે પૂજ્ય મહારાજશ્રીનો યથા સંભવ સાથ નિભાવ્યો હતો તેમજ ૩૧૩ પારાયણનાં વિશાળ આયોજનનું સફળ બનાવવામાં જેઓએ આર્થિક સેવા તથા તનથી સેવા પ્રદાન કરી હતી બધાને સન્માનિત કર્યા, મહોત્સવમાં અનેક સમિતિ બનાવી કાર્ય વિભાજન કરવામાં આવ્યું હતું. તેમાં નિજમંદિર, પારાયણ, આવાસ, ભોજન, દાનભેટ, શોભાયાત્રા, સફાઈ, લાઈટ, સાઉન્ડ સિસ્ટમ, સભામંડપ, વિડિયો ગ્રાફિ, સ્વાસ્થ્ય, પાર્કિંગ, બૂટઘર વગેરે વિભોગોની સેવાઓ સારી રીતે બજાવનાર સેવાપરાયણ સુંદરસાથ તથા અન્ય મહાનુભાવોને પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ સભામંડપમાં શાલ ઓઢાડી ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવી આશીર્વાદ પ્રદાન કર્યા.

રાત્રિકાલીન સભામાં અલગ-અલગ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સામૂહિક રાસ-ગરબાનો કાર્યક્રમ અત્યન્ત સુંદર રહેતો. સુંદરસાથ ભાઈ-બહેનો આ કાર્યક્રમને દરરોજ ઉરના ઉમંગથી માણતા હતા. જામનગરની બાલિકાઓ દ્વારા નિત્ય નવીન ભક્તિ નૃત્યોના કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું હતું.

**વિમોચન કાર્યક્રમ :** સુંદરસાથ પ્રત્યેક વર્ષે સમૈયા પર નવા પુસ્તકોની માંગ કરતાં રહે છે. આ વાતને ધ્યાનમાં રાખી દર વર્ષે શ્રી ૫ નવતનપુરી ધામ દ્વારા પ્રત્યેક વર્ષે કાંઈ નવી વાનગી તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે ખાસ કરીને જિજ્ઞાસુ સુંદરસાથ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ તથા અનમોલ ગ્રન્થ **શ્રી તારતમ સાગર પદાનુક્રમ** તૈયાર કરવામાં આવ્યો. એની સાથોસાથ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની પ્રાતઃકાલીન તથા સાયંકાલીન સેવાપૂજાની ઓડિયો સી.ડી. પણ તૈયાર કરવામાં આવી. આ બન્ને અણમોલ રત્નોનું વિમોચન



પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી તથા આચાર્ય શ્રી ૧૦૮ સૂર્યનારાયણદાસજી મહારાજના કરકમલો દ્વારા થયું. આ સમયે શ્રી તારતમ સાગર પદાનુક્રમના પ્રકાશન માટે આર્થિક અનુદાન આપવાવાળા જયપુરના ધામવાસી સુંદરસાથ ધર્મપરાયણ શ્રી પ્યારેલાલજી પ્રણામીના ધર્મપત્ની **શ્રીમતી સુદર્શનાદેવી**ને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ શાલ ઓઢાડી આશીર્વાદ પ્રદાન કર્યા.



**પારાયણ પૂર્ણાહુતિ :** તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૦૯ ના રોજ પ્રાતઃ ૬-૦૦ વાગ્યાથી શ્રી ૫ નવતનપુરી ધામના સંગીતકાર ભક્તિમય પૂર્વક ભજનાદિ ગાઈને પારાયણ મંડપના વાતાવરણને ભક્તિભાવ બનાવી રહ્યા હતા. બરાબર ૮ ના ટકોરે પરપૂજ્ય આચાર્ય મહારાજ શ્રીનું પારાયણ મંડપમાં આગમન થયું. જ્યાં સંતો તથા વિદ્વદ્‌જનો પણ ઉપસ્થિત હતા. સુંદરસાથજીએ જય જય કારથી આચાર્યશ્રીનું સ્વાગત કર્યું.

પારાયણની પૂજનવિધિ બાદ આચાર્યશ્રી તથા ઉપસ્થિત સર્વ સંતો તેમજ સુંદરસાથે પૂર્ણાહુતિની મહાઆરતી કરી. ત્યારબાદ આચાર્યશ્રી તથા બધા સંતજનો તેમજ બ્રહ્મમુનિઓ



પોતપોતાના સ્થાને બેસી ગયા. તારતમ સાગરના છેલ્લા બે પ્રકરણો આચાર્ય મહારાજશ્રીની સાથોસાથ બધાએ સામૂહિક પાઠ કરી પૂર્ણ કર્યા. અંતિમ ચોપાઈ દોહરાવી ત્યારે સુંદરસાથે જયકારની સાથે શ્રીફળ વધેરી પ્રસન્નતા વ્યક્ત કરી.



ત્યારબાદ આચાર્ય મહારાજશ્રીએ પર તોલે ન આવે એકને મુખ શ્રી કૃષ્ણ કહંત ગવડાવી પારાયણની પૂર્ણાહુતિ કરી.

પૂર્ણાહુતિ સમારંભના અવસરે આશીર્વચન પ્રદાન કરતાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે માનવ કલ્યાણ માટે નિજાનંદચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રદત્ત તારતમ મહામંત્ર તથા મહામતિશ્રી પ્રાણનાથજી મહારાજ પ્રદત્ત તારતમ જ્ઞાન આ બન્ને અમોઘ સાધન છે. જે સાધન દ્વારા આપણે સાધ્ય સુધી સરળતાથી પહોંચી શકીએ છીએ. માનવ માત્રનો પરમ પુરુષાર્થ પરમાત્મા પ્રાપ્તિનો છે. આથી મહામતિ શ્રી પ્રાણનાથજીના સદ્દુપદેશને જીવનમાં ધારણ કરવાથી જીવન ધર્મમય બનશે. તથા આપણને આત્મા અને પરમાત્માની પિછાણ થશે. આપશ્રીએ જાણકારી આપતા જણાવ્યું કે આગામી ૨૦૧૮ માં મહામતિ શ્રી પ્રાણનાથજીના પ્રાગટ્યને ૪૦૦ વર્ષ પૂર્ણ થશે. આ અવસર પર **'શ્રી પ્રાણનાથ ચતુર્થ શતાબ્દી મહોત્સવ'** નું આયોજન શ્રી ૫ નવતનપુરી ધામના તત્ત્વધાનમાં કરવામાં આવશે. આ માટે અત્યારથી જ આપ પોતાની તૈયારીમાં રહેજો. કાર્યક્રમની રૂપરેખા અને તિથિની જાણકારી ભવિષ્યમાં આપવામાં આવશે. ૩૧૩ પારાયણનો જે બ્રહ્મમુનિઓએ પાઠ કર્યો. જે જે કાર્યકર્તાઓએ વિવિધ વિભાગોમાં અમૂલ્ય સેવા બજાવી તે તમામ સુંદરસાથને પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પ્રદાન કર્યા. આ શુભ અવસરે શ્રી ૫ નવતનપુરી ધામના સેવાભાવી ટ્રસ્ટીઓએ પૂજ્ય આચાર્યશ્રી તથા સંત ગુરુજનોનું શાલ ઓઢાડી સન્માન કરી, પુષ્પહાર પહેરાવી અભિવાદન કર્યું.

પ્રાગટ્ય મહોત્સવના સમાપનને અંતે શ્રી ૫ નવતનપુરી ધામની સેવામાં અહર્નિશ સેવા ધર્મ પરમગહનો આ ઉક્તિને ચરિતાર્થ કરવાવાળા ટ્રસ્ટના એક્ઝીક્યુટીવ

ટ્રસ્ટી શ્રી નવીનભાઈ પરીખે ભિન્ન ભિન્ન સ્થાનોમાંથી પધારેલા સંતો, ગુરુજનો, વિદ્વદ્જનો તથા ધર્મપરાયણ સુંદરસાથજી પ્રત્યે પોતાની કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી. સૌનો આભાર માન્યો.



**છઠ્ઠી ઉત્સવ :**

તારીખ ૨૨ સપ્ટેમ્બર ૨૦૦૯ ના રોજ પારાયણની પૂર્ણાહુતિ બાદ શ્રી પ્રાણનાથજીનો છઠ્ઠી ઉત્સવ ધામધૂમ અને ભવ્યરૂપે મનાવવામાં આવ્યો. શ્રી રાજજીની સેવા સુંદર રીતે શણગારેલી પાલખીમાં નિજમંદિરમાંથી મંદિરના પ્રાંગણમાં લાવવામાં આવી. પૂજ્ય આચાર્યશ્રી, સંતો, ટ્રસ્ટીજનો અને સુંદરસાથે શ્રી રાજજીની પાલખીને પોતાના ખંભા પર રાખી આનંદ ઉમંગની સાથે નિજમંદિરની પરિક્રમા કરી. આશરે દસ હજારની વિશાળ સંખ્યાને કારણે યાત્રા અતિ મંદગતિથી આગળ વધી રહી હતી. આ વખતે મંદિરનું પટાંગણ પણ વિશાળ બન્યું અને સુંદરસાથજીની હાજરી પણ વિશાળ હતી. આથી છઠ્ઠી મહોત્સવની ભવ્યતા વધુ દર્શનીય હતી. આ યાત્રાને દોઢ કલાકથી વધુ સમય લાગી ગયો. પાલખીમાં બિરાજમાન શ્રી રાજશ્યામાજીની શોભાના દર્શન કરી સુંદરસાથજી અતિ પ્રસન્ન, આનંદિત અને ભાવવિભોર થઈ ગયા. જયઘોષથી મંદિરનું પરિસર ગૂંજતું હતું. ભજન-કીર્તન, રાસ-ગરબા અને ભક્તિ ભાવ પૂર્વક વાતાવરણમાં સવારી પુનઃ નિજમંદિરમાં આવી ત્યારે આરતી ઉતારવામાં આવી.

શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે અલગ-અલગ સમિતિઓ વ્યવસ્થા માટે બનાવવામાં આવી હતી. દરેક સમિતિએ સરસ ફરજ બજાવી. વિશેષ રૂપે આવાસ અને ભોજન વ્યવસ્થા ખૂબ જ સારી રીતે સંપન્ન થઈ. આ વર્ષનો મહોત્સવ પણ વિશિષ્ટ હતો. સુંદરસાથની વિશાળ સંખ્યામાં હાજરી વચ્ચે આ મહોત્સવ હર્ષોલ્લાસ અને ધામધૂમથી મનાવવામાં આવ્યો. મહોત્સવમાં ઉપસ્થિત સુંદરસાથે દર્શન, પારાયણ, રાજભોગ, સત્સંગ પ્રવચન અને ભક્તિભાવ રૂપી અમૂલ્ય નિધિ પ્રાપ્ત કરી આનંદ વિભોર થઈ ગદ્ગદ્ હૃદય સાથે પોતપોતાના ઘરની તરફ પ્રસ્થાન કર્યું.

મહોત્સવાન્તર્ગત દિવસે સભામંડપનું સંચાલન શ્રી લીલાધર શાસ્ત્રી અને

રાત્રિકાલીન સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રી કનકરાય વ્યાસે અતિ કુશલતાપૂર્વક સુંદર રીતે કર્યું.

**સદ્ગુરુ પ્રાકટ્ય મહોત્સવ :** નિજાનંદાચાર્ય સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજની ૪૨૮ મી જયંતી તારીખ ૨ જી ઓક્ટોબર ૨૦૦૯ ના રોજ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે મનાવવામાં આવી. સદ્ગુરુ પાગટ્ય મહોત્સવ મનાવવા માટે આ દિવસે નગરજનો અને ગ્રામ્યજનો વિશાળ સંખ્યામાં એક દિવસ પૂર્વે જ મંદિરમાં પહોંચી ગયા હતા. પ્રાતઃ ૩-૦૦ વાગ્યાથી પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે ગવાતી વિવિધ વધાઈઓ, ભજન-કીર્તન વગેરેથી મંદિર પરિસર ભક્તિમય બની ગયું. **યોગમાયાનો દેહ ધરીને, શ્રી શ્યામાજી થયા તૈયાર...** આ પ્રકરણના સરસ ગાયન બાદ મંદિરનો પડદો ખુલતાં સદગુરુ મહારાજીની સર્વત્ર જય જય કાર અને વધાઈ આપતાં સુંદરસાથે પ્રાગટ્યની આરતીનો અમૂલ્ય લ્હાવો લીધો. આ પ્રસંગે પંજરીનો પ્રસાદ ગ્રહણ કરી સહુ ધન્ય બન્યા.



**શરદપૂર્ણિમા રાસોત્સવ :** પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી ૫ નવતનપુરી ધામમાં શરદોત્સવ અત્યંત હર્ષોલ્લાસની સાથે મનાવવામાં આવ્યો. આ વર્ષે શરદપૂર્ણિમા ૩ ઓક્ટોબર ૨૦૦૯ ના રોજ હતી. આ પ્રસંગે નવતનપુરી ધામના સંતજનો, જામનગર શહેરના, નજીકના ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા હજારો સુંદરસાથ સામેલ થયા હતા. રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્ય સુધી રાસ-ગરબાની રમઝટ બોલાવતાં સહુએ શરદોત્સવનો આનંદ માણ્યો. રાત્રે બરાબર ૧૨-૦૦ વાગ્ય રાસની આરતી પછી દૂધ પૌવાનો પ્રસાદ ગ્રહણ કરી ભક્તજનોએ પોતપોતાને સ્થાને પ્રયાણ કર્યું.

**પ્રસ્તુતિ : શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય**

**તથા કનકરાય વ્યાસ**

# સાહિત્ય સેવા

**ચંદ્રાગા :** ધર્મજ્ઞશ્રી ગોપાલભાઈ વસોયાના નિવાસ સ્થાને વીતક કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વે સુંદરસાથજીએ ધર્મલાભ લીધો તેની ખુશી પ્રસંગે સમગ્ર સુંદરસાથ તરફથી રૂ.૧૦૨૫/ ભેટ મળ્યા છે. ધન્યવાદ.

**ઓડ :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર,ઓડમાં શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ તથા ૨૭ પારાયણ ખૂબ જ સારી રીતે સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૧૦૦૧/ ભેટ મળી છે. આયોજકોને ખૂબ ખૂબ ધન્યવાદ.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી જાગાભાઈ શિવાભાઈ છગનભાઈ તથા ચનાભાઈ કોરાટ રાજકોટવાળાએ શ્રી ૫ નવતનપુરી ધામમાં સંતોને પાકી રસોઈ આપ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ મળ્યા છે. આપના પરિવાર પર સદાય શ્રીજીની મહેર રહે એવી શુભકામના સહ ધન્યવાદ.

**દાવલી :** ધામવાસી ધરમશીભાઈ લવાભાઈની પુણ્ય તિથિ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૦/ મળ્યા છે. સહુ પરિવારજનો પર શ્રીરાજજીની સદા મેહેર રહે એવી અભ્યર્થના. હ. વિઠ્ઠલભાઈ કુરજીભાઈ.

ગાંધીનગર : ધર્મજ્ઞશ્રી રસિકભાઈ વી. ચૌહાણના સુપુત્ર ચિ. વ્રજેશના શુભલગ્ન માધાપર (મદુરાઈ નિવાસી) શ્રી દિલીપભાઈ જેઠાલાલ સોલંકીની સુપુત્રી સૌ. કાં. પરિતા સાથે ગાંધીનગર મુકામે તારીખ ૧૪-૦૮-૦૯ ના રોજ સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૧/ મળ્યા છે. નવદંપતિ પર સદાય શ્રી રાજજીની કૃપા રહે એવી શુભાશિષ સહ અભિનંદન.

**ચંદ્રાગા :** ધર્મજ્ઞશ્રી નીતિનભાઈ ભીખુભાઈ વસોયાને ત્યાં પુત્રરત્ન શ્રી દિવ્યમ્‌નો જન્મ થયાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ મળ્યા છે. ચિ. દિવ્યમને શ્રી રાજજી ચિર દીર્ઘાયુષ્ય પ્રદાન કરે એવી શુભાશિષ. હ. સુરેશભાઈ પોપટભાઈ વસોયા.

**વલસાડ :** ધર્મજ્ઞશ્રી છોટુભાઈ અંબાલાલ ભાવસારે એમના જીવનના ૯૦ વર્ષ પૂર્ણ કરી ૯૧માં વર્ષમાં પ્રવેશ કર્યાની ખુશી પ્રસંગે અમેરિકા સ્થિત એમના સુપુત્ર નરેશભાઈ તરફથી પત્રિકાની સેવામાં રૂા. ૫૦૦/ ભેટ મળી છે. શ્રી રાજશ્યામાજી સમગ્ર પરિવારજનોને સુખ-શાંતિ અને સ્વાસ્થ્યપૂર્ણ રાખી તેઓની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ કરે એવી શુભાશિષ.

**માંડાસણ :** ધર્મજ્ઞશ્રી વ્રજલાલ કરમશીભાઈ ભંડેરીએ માંડાસણ મુકામે અખંડ પારાયણ કરાવી તેની પૂર્ણાહુતિના દિવસે આવેલી આરતી ભેટ રૂા. ૩૨૫૦/

મંદિરમાં ભેટ આપી અને પારાયણ પ્રસંગ ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયો તેની ખુશાલીમાં પત્રિકાની સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે. ધન્યવાદ.

**અમેરિકા :** સુશ્રી નિમિષાબેન તથા મયૂરભાઈ મનુભાઈ સાવલિયાએ કેલિફોર્નિયા-અમેરિકામાં નવું નિવાસસ્થાન ખરીદી ગૃહ પ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ મળ્યા છે. નવું નિવાસ સ્થાન આપશ્રીને લાભપ્રદ અને સુખરૂપ નિવડે એવી શુભકામના. હ. ધર્મજ્ઞાશ્રી કાન્તાબેન તથા મનુભાઈ સાવલિયા-અમરેલી.

**વલસાડ :** ધર્મજ્ઞશ્રી સુશીલભાઈ ભાવસાર તરફથી પરમધામવાસી ઉત્તમભાઈ ગોવિંદજી ભાવસાર, નરોત્તમદાસ ગોવિંદજી ભાવસાર, નવીનચંદ્ર નારણદાસ કાપડિયા, પદ્માબેન ઉત્તમભાઈ ભાવસાર, હીરાબેન નવીનચંદ્ર કાપડિયાના નામે શુભેચ્છા ભેટ રૂા.૫૫૫/ મળી છે.

**શંભુપરા :** ધર્મજ્ઞશ્રી દકુભાઈ કનુભાઈ ગજેરાની સુપુત્રી ચિ. કારિમરાને ત્યાં પુત્રરત્ન પ્રાપ્ત થયાની ખુશાલીમાં પત્રિકાની સેવામાં રૂા. ૫૦૦/ મળ્યા છે. નવજાત શિશુને શ્રી રાજજી મહારાજ આરોગ્ય પ્રદ, સુખપ્રદ રાખી ચિર દીર્ઘાયુષ્ય પ્રદાન કરે એવી શુભકામના.

**પાટણવાવ :** ધર્મજ્ઞાશ્રી નીલમબેન વિકાસકુમાર સાવલિયા તરફથી નવો ધંધો પ્રારંભ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ મળ્યા છે. નવો ધંધો આપશ્રીને બરકતવાળો રહે એવી શુભકામના.

**નાના થાવરિયા :** શ્રી ચંદુલાલ સવજીભાઈના નિવાસસ્થાને વીતક કથાનું વાચન શ્રી મોહનબાપાએ કર્યું હતું તે પ્રસંગની ખુશાલી અર્થે રૂા.૩૦૦/ મલ્યા છે. ધન્યવાદ.

**બામણવાડા :** ધર્મજ્ઞશ્રી ગોવિંદભાઈ દેવાભાઈ પીઠિયા તરફથી ચિ. દેવભાઈનો જન્મ થયાની ખુશાલી પ્રસંગે રૂા.૨૫૧/ મળ્યા છે. અભિનંદન.

**નર્મદાનગર (ભરુચ) :** ધર્મજ્ઞશ્રી આર.બી. રાઠોડ તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળી છે. ધન્યવાદ.

**પુરાલ :** ધર્મજ્ઞશ્રી હિંમતનગર નિવાસી તુષારભાઈ પટેલ બી.ઈ. મેકેનિકલની પરીક્ષા ૬૯ ટકા મેળવી ઉત્તીર્ણ કરી અને તરત જ શ્રી રાજજીની કૃપાથી નોકરી મળ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૨/મળ્યા છે. આપશ્રી કારકિર્દિમાં આવી જ સુંદર પ્રગતિ કરતાં રહો એવી શુભકામના સહ અભિનંદન.

**બિલિયાળા :** ધર્મજ્ઞશ્રી દીપકભાઈ હેમતભાઈ ડોબરિયા તરફથી શ્રી હેમતભાઈ જયરામભાઈના નિવાસ સ્થાને કાંતિભાઈ લાલજીભાઈ પટોરિયાએ વીતક કથાનું રસપાન કરાવી સહુને ધર્મલાભ કરાવ્યો. આ પ્રસંગની ખુશાલી અર્થે સાહિત્ય સેવામાં રૂા. ૩૧૫/ ભેટ મળી છે.

**દાવલી :** શ્રી શ્યામાજી મહિલા મંડલ

દાવલીની બહેનોએ શ્રી પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે પધારી દર્શન, પારાયણ, સત્સંગનો લાભ લીધો તેની ખુશાલી અર્થે રૂા. ૨૫૫/ મળ્યા છે.

**મિત્રાલ** : ગામના સુંદરસાથજી મિત્રાલ ગામેથી પગપાળા ચાલીને શ્રી ૫ નવતનપુરી ધામમાં પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૩૦૧/ ભેટ મળી છે. સર્વે પદયાત્રીઓને ખૂબ ખૂબ અભિનંદન.

**અમેરેલી** : ધર્મજ્ઞશ્રી પ્રકાશભાઈ વલ્લભભાઈ સેંજલિયા તરફથી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે.

**પીપળાતા** : ધર્મજ્ઞશ્રી ગોવિંદભાઈ મનાભાઈ પરમાર તરફથી ચિ. મેહુલકુમાર ડી. ઈલેકટ્રીકલમાં પ્રથમ વર્ષ પૂર્ણ કર્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે. અભિનંદન.

**વિરપુર** : ધર્મજ્ઞશ્રી વલ્લભભાઈ ગોવિંદભાઈ ડોબરિયાના સુપુત્ર ચિ. આશિષને નેનો ટકેનોલોજીમાં પ્રવેશ મળ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ મળ્યા છે. અભિનંદન.

**વિરપુર** : ધર્મજ્ઞશ્રી વલ્લભભાઈ ડોબરિયાની સુપુત્રી ચિ. હિનાબેનના શુભલગ્ન તા. ૧૭-૫-૦૯ ના રોજ શ્રી રાજજીની કૃપાથી સારી રીતે સંપન્ન થયાની ખુશાલીમાં રૂા. ૨૫૧/ મળ્યા છે. નવદંપતિને હાર્દિક શુભાશિષ. સહ અભિનંદન.

**બગદાણા (જલાદર)** : સરવૈયા દયાળજીભાઈ દામજીભાઈ ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૭૦/ ભેટ મળી છે.

**હડમતિયા (ગીર)** : ધર્મજ્ઞા સવિતાબેન ભંડેરી તરફથી શ્રી રાજશ્યામાજીની કૃપાથી તેમના હાથને સારું થયાની ખુશાલીમાં રૂા. ૨૦૧/ ભેટ.

**જામજોધપુર** : ધર્મજ્ઞશ્રી નટવરલાલ ઓધવજી પુરોહિત તરફથી તેઓશ્રીએ મારુતીકાર ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા.૧૫૧/ મળ્યા છે. અભિનંદન.

**ગોતરડા (રાધનપુર)** : ધર્મજ્ઞશ્રી અમૃતલાલ શંકરલાલ શ્રીમાળીના સંતોનો ચિ. હસમુખ, ચિ મનિષા અને ચિ. રંજનના લગ્ન શ્રી રાજજીની મહેરથી સારી રીતે સંપન્ન થયાની ખુશી પ્રસંગે ૧૫૧/ મળ્યા છે. નવદંપતિને અભિનંદન.

**મેંદરડા** : ધર્મજ્ઞશ્રી જીવાભાઈ હાજાભાઈ ઝાલા તરફથી તેઓએ ડમ્પર ખરીદ્યું અને શ્રી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**ગડોજ (દાહોદ)** : ધર્મજ્ઞશ્રી મુકેશભાઈ રતનશીભાઈ ગોહિલ તરફથી ચિ. અંકિતભાઈ (૨૯-૫-૦૯) ના જન્મની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**ભાવનગર** : ધર્મજ્ઞશ્રી ભાનુબેન હિંમતલાલ

હીરપરા તરફથી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**સાજિયાવદર :** ધર્મજ્ઞશ્રી પરસોતમભાઈ કાનજીભાઈ સાવલિયા પૂજ્ય નર્મદાબા તથા કાંતાબેન સાથે ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**સાજિયાવદર :** ધર્મજ્ઞશ્રી ધીરૂભાઈ રામજીભાઈ સાવલિયા, શ્રીમતી ઇન્દુબેન, શ્રી ધીરૂભાઈ, કિશોરભાઈ તથા શ્રી ભરતભાઈ સાથે ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**કાલાવડ :** શ્રી શ્યામાજી મહિલા મંડળની બહેનોએ ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનનો લાભ લીધો તેની ખુશી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**કાલાવડ :** ધર્મજ્ઞશ્રી મનસુખભાઈ વસરામભાઈ વાગડિયાએ નવી દુકાન ચાલુ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે. નવી દુકાન આપને લાભપ્રદ નીવડે એવી શુભકામના.

**માંડાસણ :** ધામવાસી મોહનભાઈ ગોવિંદભાઈ ભંડેરીની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ. હ. જસમતભાઈ મોહનભાઈ ભંડેરી.

**બગદાણા :** સરવૈયા નિલેષકુમાર દયાળજીભાઈએ કાપડનો નવો ધંધો પ્રારંભ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**સિનોગ્રા (કચ્છ) :** શ્રી રાજભાઈ ટાંક ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે.

**દાહોદ :** ધર્મજ્ઞ શ્રી સંજયકુમાર ડી. બારીયા અને ધર્મજ્ઞાશ્રી કૈલાસબેન એસ. બારીયાના સુપુત્ર ડૉ. કલ્પેશભાઈ પરમકૃપાળુ પરમાત્મા શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી એમ.ડી. (પીડીયાટ્રીક્સ) થયાની ખુશાળી પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૫૫૧/ મળ્યા છે. ડૉ. કલ્પેશ ભાઈને ખૂબ ખૂબ અભિનંદન સહ ભાવિ કારકિર્દી અંગે હાર્દિક શુભકામના.

**ઉપલેટા :** ધર્મજ્ઞશ્રી જમનભાઈ કે. લુણાગરિયા સહ પરિવાર પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે આવી દર્શન તથા ૩૧૩ પારાયણ વાચનનો લાભ લીધો તેની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૦/ મળ્યા છે. સર્વે પરિવારજનો પર શ્રીજીની મહેર રહે એવી શુભકામના.

**સીમરડા :** ધર્મજ્ઞશ્રી ઇલાબેન મહેન્દ્રભાઈ પટેલ તથા ધર્મજ્ઞશ્રી છોટાભાઈ પટેલના સુપુત્ર ચિ. અર્પિત કુમાર શ્રી રાજજીની અસીમ કૃપાથી ઉચ્ચ અભ્યાસ અર્થે લંડયા. શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે પધાર્યા તેની ખુશાલીમાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**સેવક પુરા (હાલ મોઈલા) :** ધર્મજ્ઞશ્રી અનિલભાઈ છગનભાઈ પટેલના સુપુત્ર મિત્તલ કુમાર ધોરણ ૧૦ માં ૬૦ ટકા ગુણ

મેળવી ઉત્તીર્ણ થયા અને ડીયલોમાં એન્જિમાં પ્રવેશ મેળવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૦૦/ ભેટ મળી છે. અભિનંદન.

**અમદાવાદ :** દ્વારકાસ ભંડેરીની સુપુત્રી ચિ. મમતા બી. એસ. સી નર્સીંગમાં સતત ત્રીજા વર્ષે કોલેજ ફર્સ્ટ આવી તથા ચિ. પલ્લવી ધોરણ ૧૨ કોમર્સમાં ૮૧ ટકા ગુણ મેળવી ઉત્તીર્ણ થયાની ખુશાલીમાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે. બન્ને બહેનોને હાર્દિક અભિનંદન અને ભાવિ કારકિર્દીની શુભકામના.

**મેવાસા :** પરસોતમભાઈ લખમણભાઈ ચદડિયાના સુપુત્ર સંદીપભાઈને શ્રી રાજશ્યામાજીની કૃપાથી સારી નોકરી મળ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે. અભિનંદન.

**અમદાવાદ (બાપુનગર) :** સવિતાબેન રાજુભાઈ પરેશ વિપુલભાઈ પટેલ ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે રૂા.૧૫૧/ મળ્યા છે.

**કાલાવડ :** ધર્મજ્ઞશ્રી મનસુખભાઈ ચનાભાઈ પાનસુરિયા ના ચિ. વૈભવને સીવીલ એંન્જિનિયરમાં પ્રવેશ મળ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે. અભિનંદન.

**કાલાવડ :** ગોવિંદભાઈ વેલજીભાઈ અજુડિયાએ ૩૧૩ પારાયણ વાચનનો લાભ લીધો, પ્રાગટ્ય મહોત્સવન પ્રસંગે દર્શાનાર્થે આવી ચિ. ભરતને કંઠી બંધાવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૦/ મળ્યા છે.

**મેવાસા :** ધર્મજ્ઞશ્રી કિશોરભાઈ કેશવભાઈ અટાળાએ ૩૧૩ પારાયણ તથા પ્રાણનાથ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે સાત દિવસ દર્શન સેવાનો લાભ લીધાની ખુશાલી અર્થ રૂા. ૧૫૧/ મળ્યા છે.

**ધ્રાફા :** ધર્મજ્ઞશ્રી ગોપાલભાઈ જેરામભાઈ દવેએ પાણીનો બોર કરાવી સારું પાણી મળ્યું તેની ખુશાલીમાં રૂા. ૧૫૧/ મળ્યા છે.

**રાજકોટ :** વિંદીશભાઈ પરાગભાઈ દત્તા નવી મારુતી વેગેનાર ગાડી ખરીદ કર્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

## રૂા. ૧૦૧/

**ગણદેવી :** પૂજારી કેશવદાસજી મહારાજે શ્રી લાલદાસ સ્વામી કૃત વીતકની ચર્ચા સરસ રીતે કર્યાની ખુશાલી પ્રસંગે મળ્યા છે.

**ખડાયતા :** ત્રિભોવનદાસ જેઠાલાલ તરફથી વીતક કથાની પૂર્ણાહુતિ સારી રીતે સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે મળ્યા છે.

**કામરેજ :** હિતેન્દ્ર મગનભાઈ ભંડેરી તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** પાચીબેન નાથાભાઈ માલવિયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે સાહિત્ય સેવામાં મળ્યા છે.

**સુરત :** જીવરાજભાઈ કાંતિભાઈ કપોપરા તરફથી ચિ. મિરવાબેનને શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે લાવ્યાની ખુશાલી પ્રસંગે મળ્યા છે.

**કહાનવાડી :** વિક્રમસિંહ ચંદ્રસિંહ પરમાર તરફથી ચિ. યુવરાજસિંહના જન્મદિન

(તા. ૦૬-૦૯-૦૯) ની ખુશાલી પ્રસંગે મળ્યા છે.

**રાજકોટ :** સતિષભાઈ સાવલિયાના ધર્મપત્ની શીતલબેનને કંઠી બંધાવી તે પ્રસંગે સાહિત્ય સેવામાં મળ્યા છે.

**વલસાડ (હાલ કેનેડા) :** જુગલભાઈ દીપભાઈ ભાવસાર તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે. હ. અનિશભાઈ રણજિતભાઈ ભાવસાર.

**અમેરેલી :** પ્રવીણભાઈ એલ. જોટંગીયા તરફથી તેઓએ નવા મકાન (પ્રણામ) માં ગૃહ પ્રવેશ કર્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**રાજુલા :** સાજિયાવદર નિવાસી મહેશભાઈ વી. જોટંગીયા તરફથી તેઓએ નવા મકાન 'ઈશાવાસ્યમ' માં ગૃહપ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**અમરેલી :** સાજીયાવદર નિવાસી પ્રવીણભાઈ એલ. જોટંગિયાના સુપુત્ર ગૌરવનું વેવિશાળ તા. ૦૯-૦૮-૦૯ ના રોજ ભાવનગર મુકામે કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**બિલિયાળા :** છગનભાઈ ગોવિંદભાઈ પાનસુરિયાએ નવતનપુરી ધામમાં પરિક્રમા કરવાની માનતા રાખી, સારી રીતે પરિક્રમા પૂર્ણ કર્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**સુરત :** યજ્ઞેશભાઈ તરફથી ચિ. પરમના જન્મની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**સિનુગ્રા :** ચિ. ૧૮૩૦૩ ના જન્મદિન (૧૨-૦૮-૦૯) પ્રસંગે આશાબેન અમુલભાઈ ચૌહાણ તરફથી ભેટ મળી છે. હ. ભોગીલાલભાઈ પ્રાગજીભાઈ વાઢેર.

**મોટા ગુંદાળા :** જેતપુર ધામવાસી કાનાભાઈ ભગાભાઈ કપુરિયા હ. નાથાભાઈ તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**બાલિંટા (આણંદ) :** સોલંકી કાંતિભાઈ ધુરાભાઈ સમૈયા પ્રસંગે દર્શનનો અપૂર્વ લાભ મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**બાવડા :** ધામવાસી નટુબેન ભગાભાઈ પરમાર તરફથી શુભેચ્છા ભેટ મળી છે. હ. જવસીંગ ભગાભાઈ પરમાર.

**અમદાવાદ :** ધામવાસી કૈલાસબા દિનેશસિંહ જાડેજા તરફથી શુભેચ્છા ભેટ મળી છે. હ. દિનેશસિંહ જાડેજા.

**રાણાકંડોરણા :** નારણભાઈ કરસનભાઈ વસરા તરફથી તેઓશ્રી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે મળ્યા છે.

**ધ્રાફા (જામનગર) :** હરદેવસિંહ નવલસિંહ જાડેજાના સુપુત્ર ચિ. મયૂરસિંહના જન્મદિવસ (૧૨-૦૯-૦૯) ની ખુશાલી પ્રસંગે ભેટ મળી છે.

**જારૂસા :** ચૌધરી અમૃતભાઈ ગલાભાઈએ ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનનો લાભ લીધાની ખુશાલી પ્રસંગે ભેટ.

**કાલાવડ :** ધર્મજ્ઞા સવિતાબેન ધનજીભાઈ ઠેસિયા ૩૧૩ પારાયણ અને મહોત્સવના

દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** ધામવાસી દમયંતીબેન શાંતિભાઈ આશાની પુણ્યતિથિ નિમિત્તે ભેટ મળી છે.

**રાજકોટ :** પૂજારી પ્રવીણભાઈએ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર રાજકોટમાં વીતક સાહેબની કથા સારી રીતે પૂર્ણ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નંદેસરી :** ગજેન્દ્રસિંહ હિંમતસિંહ જાદવ ૩૧૩ પારાયણ તથા મહોત્સવના દર્શનનો લાભ પ્રાપ્ત કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**ધ્રાફા (રાજવડ) :** ઓધવભાઈ વસરામભાઈ પ્રણામીના સુપુત્ર કૈલાસભાઈને ત્યાં કન્યારત્ન પૂર્વીબેનના જન્મની ખુશાલી પ્રસંગે ભેટ.

**જામખંભાળિયા :** વ્રજલાલ અરજણભાઈના પુત્રવધૂએ કંઠી ધારણ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** રોનક ગોવિંદભાઈ હરસોડા ૩૧૩ પારાયણ તથા મહોત્સવના દર્શનનો લાભ લીધાની ખુશાલી પ્રસંગે ભેટ.

ગોધરા : ચંપાબેન પ્રફુલ્લચદ્ર જોશી ૩૧૩ પારાયણને મહોત્સવનો લાભ લીધાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મેવાસા :** ધીરજભાઈ અરજણભાઈ રાદડિયા, કિશોરભાઈ ધીરજલાલ રાદડિયાને ત્યાં કિનાબેનને પુત્રરત્ન પ્રાપ્તિની ખુશાલીમાં ભેટ મળી છે. તેમના નિરામય દીર્ઘાષ્યુની શુભકામના.

**વલસાડ :** ઠાકેરભાઈ ભગવાનદાસ ભાવસરે એકટો ૨૦૦૮ થી સપ્ટે ૨૦૦૯ દરમિયાન વિવિધ ધાર્મિક સ્થાળોની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**વલસાડ :** ઠાકેરલાલ ભગવાનદાસ ભાવસાર તરફથી પૌત્ર ચિ. હાર્દિક તથા તેમની પત્ની ટિમાને નવી નોકરી મળ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**નગામા :** વિમલભાઈ રાજેશભાઈ ભાવસાર આઈ.સી. એંન્જિનિયર પ્રથમ વર્ષમાં પાસ થયા તથા કૃપાથી વિમલભાઈ ભાવસાર મેડિકલના બીજા વર્ષમાં પાસ થયાની ખુશાળી પ્રસંગે ભેટ. બન્નેને અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના.

**મોવિયા :** પ્રિયાબેન વિનુભાઈ લીંબાણી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મોવિયા :** મિહિર નંદલાલ લીંબાણી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**મોવિયા :** ઋષિ ગિરિશભાઈ લીંબાણી ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સીમરડા :** કારાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ૩૧૩ પારાયણ તથા પ્રાગટ્ય મહોત્સવના દર્શનાર્થે આવ્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**(બાકીનાં આવતાં અંકમાં અપાશે.)**

# ધામગમન

**છત્તર :** ધર્મજ્ઞશ્રી જીવરાજભાઈ જશાભાઈ વાગડિયાનું તારીખ ૨૬-૦૮-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં તેઓશ્રીના નિવાસ સ્થાને અખંડ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુશ્રી ભાનુબેને શ્રી મુખવાણીની ચર્ચા કરી સૌને ધર્મલાભ આપ્યો હતો. ગતાત્માના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ મળ્યા છે.

**દેવડિયા :** ધર્મજ્ઞશ્રી વલ્લભભાઈ તથા માવજીભાઈના પિતાશ્રી લવાબાપા ઉ. વર્ષ ૯૬ નું તા. ૨૨-૦૮-૦૯ ને શનિવારના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ મળ્યા છે.

**દાવલી :** ધર્મજ્ઞાશ્રી રંભાબેન બચુભાઈ પાનસુરિયાનું ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે પારાયણ કરાવી સાહિત્ય સેવામાં રૂા. ૪૨૫/ મળ્યા છે.

**દલપુર :** ધર્મજ્ઞશ્રી કેશાભાઈ સાંકાભાઈ પટેલનું તા. ૩૧-૭-૦૯ ના રોજ પરમધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૦૦/ ભેટ મળી છે. શ્રી રાજશ્યામાજી ગતાત્માને પોતાના નિજચરણોમાં સ્થાન આપે એવી અભ્યર્થના. હ. પ્રભુદાસ કેશાભાઈ પટેલ તથા ગોવિંદભાઈ કેશાભાઈ પટેલ.

**વલસાડ :** ધર્મજ્ઞશ્રી મોહનલાલ મોતીભાઈ ભાવસારનું તા. ૦૬-૦૯-૦૯ રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળી છે.

**જામવાડી :** નિવાસી રતનબેન જીવરાજભાઈ તાળાનું તારીખ ૦૭-૦૯-૦૯ (શ્રાવણી પૂનમ) ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે ગોટાપારાયણ રાખવામાં આવી તેમજ બચુ ભગતના સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સદ્‌ગતની પુણ્ય સ્મૃતિમાં સાહિત્ય સેવામાં રૂા. ૧૦૦૧/ નું અનુદાન મળ્યું છે.

**ગામડી :** (આણંદ) નિવાસી શ્રી રમણભાઈ શંકરભાઈનું તારીખ ૧૩-૦૮-૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં પત્રિકાની સેવામાં રૂા. ૩૦૧/ ભેટ મળી છે. હ. ધર્મજ્ઞશ્રી વિનુભાઈ રમણભાઈ પરમાર.

**વલસાડ :** ધામવાસી હીરાબેન નવીનચંદ્ર નારણદાસ કાપડિયાની પાવન સ્મૃતિમાં કાપડિયા પરિવાર તરફથી રૂા. ૧૦૧/ મળ્યા છે.

**નાની વાવડી :** નિવાસી ડાયાભાઈ નરસીભાઈ બુમતારિયાનું તા.૨૨-૦૭-૦૯ ના રોજ પરમધામગમન થયેલ છે. તેઓશ્રીના આત્મકલ્યાણાર્થે માળા પહેરામણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા. ૧૫૦૧/ મળ્યા છે.

# પાકી રસોઈની સેવા

| | |
|---|---|
| ૧. ધા.વા. શિવાભાઈ મનજીભાઈ કોરાટ | રાજકોટ |
| ૨. ધા.વા. મોહનભાઈ ટપુભાઈ મુંગરા | જામનગર |
| ૩. શ્રીમતી ગૌરીબેન મુળજીભાઈ ચાંદ્રા | જામનગર |
| ૪. ધા.વા. ધનજીભાઈ વીરજીભાઈ સંઘાણી | જામનગર |
| ૫. શ્રીમતી અંબિકાદેવી ભવાનીશંકર ભટ્ટ | કાઠમાંડૌ(નેપાલ) |
| ૬. ધા.વા. રૂક્ષ્મણીબેન મોહનભાઈ ભાવસાર | ગણદેવી |
| ૭. ધા.વા. કાનબાઈ શિવરામભાઈ મહેતા | બગદરા |
| ૮. શ્રી બબાભાઈ નાથાભાઈ પટેલ | મોયદ |
| ૯. શ્રી હીરજીભાઈ ગોવિંદભાઈ દુધાગરા | વાગડીયા |
| ૧૦.શ્રી જીવીબેન માવજીભાઈ પટેલ (આમોદરા) હ.લીલાબેન બહેચરભાઈ પટેલ | મોયદ |
| ૧૧.ધા.વા. જશુબા ચંદુભાઈ ચુડાસમા | જામનગર |
| ૧૨.રૂકુદેવી ડોટેલ અને રતિદેવી પૌડેલ | કાઠમાંડૌ (નેપાલ) |
| ૧૩.ધા.વા. સાધ્વી શ્રી જમુના માતાજી | નવતનપુરી ધામ |
| ૧૪.ધા.વા. વ્રજમાયા શ્રેષ્ઠ હ. શ્રી શંકરલાલ શ્રેષ્ઠ | કાંઠમાંડૌ (નેપાલ |

**સાહિત્ય સેવા ક્રમશ.....**

હ. હસમુખભાઈ, પરમધામવાસી રૂડાભાઈ, વલ્લભભાઈ તથા અંબાવીભાઈ તેમજ સર્વે પરિવારજનો.

જામનગર નિવાસી રાજુભાઈ પોપટભાઈ સભાયાના માતુશ્રી સંતોકબેન પોપટભાઈનું ધામગમન થયું છે. તેમની પાવન સ્મૃતિમાં પત્રિકાની સેવામાં રૂા. ૨૫૧/ મળ્યા છે.

**જામનગર** નિવાસી ધર્મજ્ઞાશ્રી નર્મદાબેન પોપટભાઈ સભાયા તરફથી માતુશ્રી સંતોકબેનના ધામગમન નિમિત્તે પત્રિકાની સેવામાં રૂા. ૨૦૦/ મળ્યા છે.

**અરેરા (નડિયાદ) :** દક્ષાબેન વસંતભાઈ પટેલનું તા. ૨૧-૮-૦૯ ના રોજ ધામગમન થયું છે. તેમની પાવન સ્મૃતિમાં રૂા. ૧૦૦/ ભેટ મળી છે.

ગોકરણ નિવાસી રાણીબેન દેવશીભાઈ કનારાનું તા. ૦૭-૦૮-૦૯ રોજ ધામગમન થયું છે. તેમની પાવન સ્મૃતિમાં રૂા. ૧૦૧/ ભેટ મળી છે. હ. દેવાયતભાઈ કનારા.

**ભિલોડા :** રાજેશભાઈ ગંગારામ પંડયાના સુપુત્ર પ્રિન્સનું તા. ૦૪-૦૯-૦૯ ને શુક્રવારના રોજ ધામગમન થયું છે. તેમના સ્મરણાર્થે રૂા. ૧૦૧/ ભેટ મળી છે.



श्री प्राणनाथ प्राकट्य महोत्सवमें की गई प्राकट्यकी महाआरती



कलश महाअभिषेक एवं नूतन ध्वजारोहण करते हुए पू.आचार्य महाराजश्री



महोत्सवान्तर्गत आयोजित ३१२ राजभोग दर्शन



श्री प्राणनाथजीकी छट्ठी महोत्सवकी झांकी



रात्रिकालीन सांस्कृतिक कार्यक्रमकी झलक

RNI No. GUJ BL /2006/16311

Registration No. GJN-1 / 2009-2011



श्री प्राणनाथ प्राकट्य महोत्सवमें आयोजित ३१३ पारायण पूर्णाहुतिके विविध दृश्य



महामति मंचका दीप प्रज्वलन कर शुभारंभ करते हुए, पूज्य आचार्य महाराजश्री एवं अन्य सन्त गुरुजन

PRINTED BOOK

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA

SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)